ઉચ્ચક દરથી કુશળ, અર્ધકુશળ, બીનકુશળ શ્રમયોગીના દૈનિક ચુકવવા પાત્ર દર અંગે માહિતી આપવા બાબત.

–: પ રિ પ ત્ર :–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ યુનિટ / સબ યુનિટ કચેરીઓને જણાવવામાં આવે છે કે, આપની કચેરી / ફાર્મ / રહેણાંકના મકાનો, ફાર્મસ્ટ્રકચર વગેરેમાં આકસ્મિક જરૂરી મરામત કરાવવા માટે રોજમદાર રોકવા માટે દરેક નાણાકીય વર્ષમાં આ કચેરી તરફથી મા. કુલપતિશ્રીની મંજુરી મેળવી પરિપત્ર બહાર પાડવામાં આવે છે. પરંતુ ઘણી વખત આ પરિપત્રમાં મંજુર કરવામાં આવેલ ભાવો મુજબ મુખ્ય કેન્દ તેમજ પેટા કેન્દ્રો ઉપર મરામત અને નિભાવણીની કામગીરી માટે યોગ્ય રોજમદારો / કારીગરો / ઈસમો રોકવામાં મુશ્કેલી ઉભી થાય છે. આ હકીકતોને ધ્યાનમાં લઈ આ સાથે સામેલ પત્રકની વિગતો મુજબ આપના કેન્દ્ર ખાતે / આસપાસ આ ઈસમો / કારીગરો / રોજમદારોના શુ ભાવ ચાલે છે? અથવા તો તેઓને કેટલી મજુરી કેટલા સમય માટે પ્રતિદિન ચુકવવામાં આવે છે તેની માહિતી આ સાથે સામેલ પત્રકમાં ભરી તે અંગેનું રોજકામ કરી આ કચેરીને સત્વરે દિન–૭ માં મોકલી આપવા વિનંતી છે. અથવા તો આ માહિતી આપના કેન્દ્રના સંબધિત તલાતી / સરપંચ પાસેથી મેળવીને પણ રજુ કરી શકાશે. જેથી આપની માહિતી અને રોજકામના આધારે ચાલુ નાણાકીય વર્ષમાં આ રોજમદારોના પ્રર્વતમાન બજારભાવોની મંજુરી મા. કુલપતિશ્રી પાસે મેળવી શકાય.

સામેલઃ– પત્રકની નકલ.
જા.નં.નકૃયુ/કાઈ/બી.૩/ 2523-24 /૨૦૧૬.
તારીખઃ ૦૮/૦૪/૨૦૧૬. નવસારી.

કાર્યપાલક ઈજનેર
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.

નકલ રવાનાઃ–

તમામ યુનિટ અધિકારીઓ તથા કચેરીના વડાઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

ઉચ્ચક દરથી કુશળ, અર્ધકુશળ, બીનકુશળ શ્રમયોગીના દૈનિક ચુકવવા પાત્ર દર અંગે માહિતી આપવા બાબત

—: પ ત્ર ક :—

અ.નં.	રોજમદાર મજુરોની વિગત	રોજમદાર મજુરોની કેટેગરી	આપના કેન્દ્રની આસપાસ પ્રતિ ૮ કલાકની સેવાના ભાવ રૂપિયામાં
૧	૨	૩	૫
૧.	સુથાર	સ્કીલ્ડ લેબર	
૨.	સુથાર હેલ્પર	સેમી સ્કીલ્ડ લેબર	
૩.	કડીયો	સ્કીલ્ડ લેબર	
૪.	કડીયા હેલ્પર	સ્કીલ્ડ લેબર	
૫.	લુહાર / બાર બાઈન્ડર	સ્કીલ્ડ લેબર	
૬.	ઈલેટ્રીશીયન	સ્કીલ્ડ લેબર	
૭.	વાયરમેન	સ્કીલ્ડ લેબર	
૮.	વાયરમેન હેલ્પર		
૯.	પંપ ઓપરેટર	સેમી સ્કીલ્ડ લેબર	
૧૦.	પ્લમ્બર	સેમી સ્કીલ્ડ લેબર	
૧૧.	મદદનીશ પ્લમ્બર	સેમી સ્કીલ્ડ લેબર	
૧૨.	પેઈન્ટર (મકાનોમાં અંદર બહારના કલરકામ માટે)	સેમી સ્કીલ્ડ લેબર	
૧૩.	પેઈન્ટર હેલ્પર (મકાનોમાં અંદર બહારના કલરકામ માટે)	સેમી સ્કીલ્ડ લેબર	
૧૪.	સ્ત્રી સ્વીપર	સેમી સ્કીલ્ડ લેબર	
૧૫.	પુરૂષ સ્વીપર	સેમી સ્કીલ્ડ લેબર	

આથી રોજકામ કરવામાં આવે છે કે, અત્રેના ..... કેન્દ્ર ખાતે / આસપાસ ઉપરોકત રોજમદારોના ભાવ બરાબર ચકાસણી / ખાતરી કરી અને આ કચેરીના નીચેના અધિકારી / કર્મચારીઓએ જાત તપાસ કરી મેળવેલ છે. જે બદલ આ રોજકામ કરવામાં આવે છે.

ક્રમ	અધિકારી / કર્મચારીનું નામ	હોદ્દો	સહી

ઉપરોકત રોજકામની વિગતો સાથે સહમત છું.

કચેરીના વડાની સહી